ક્રમાંક. સ્ટેમ્પ-અપીલ- ફા.નં.૨૦- ૦૭/૪૬૦૩

મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીશ્રી
સુપ્રિ.ઓફ સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેક્ટર-૧૩-સી,ખ-રોડ,
ગાંધીનગર, તા.૪/૭/૦૭

વંચાણમાં લીધઃ- (૧) અત્રેનો પરીપત્ર ક્રમાંકઃ સ્ટેમ્પ/ કપદ/ ૫૨૨/૨૦૦૬/ ૮૫૮૬ તા. ૨૫/૯/૨૦૦૬
(૨) સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા નં. જી એચ એમ/ ૨૦૦૨ / ૨ ૨/ એમ / એસટીપી /૧૦૨૦૦ -૧૪૬૫ -હ.૧ તા. ૧૧/૩/૦૨

**પરીપત્રઃ-**

અત્રેના સંદર્ભીવાળા તા. ૨૫/૯/૦૬ ના પરિપત્ર અન્વયે કલમ-૩૨-ક ના કેસોમાં અનુસરવાની થતી કાર્યપધ્ધતિ બાબતે નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યકન તંત્રને વિગતે નામદાર હાઈકોર્ટના ચુકાદાની સુચનાઓ ધ્યાને લઈ માર્ગદર્શન આપવામાં આવેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રને મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ-૩૧ ના હેતુ માટે કલમ-૨ (છ) હેઠળ પ્રાસ્તાવિક (૨)થી કલેકટર તરીકે જાહેર કરવામાં આવેલ છે નાયબ કલેકટરશ્રી સમક્ષ અધિનિયમની કલમ-૩૨-ક (૧)માં જણાવેલ વિગતવાળો લેખ સ્ટેમ્પ ડયુટીના ન્યાય નિર્ણય અર્થે અધિનિયમની કલમ-૩૧ હેઠળ રજુથાય ત્યારે લેખનો વિષય હોય તેવી મિલકતની ખરી બજારકિંમત નકકી કરવા અધિનિયમની કલમ-૩૨-ક (૨) મુજબની કાર્યવાહી કરવાની થાય છે. રાજયમાં કલમ-૩૧ ની કાર્યવાહીમાં એકસુત્રતા જળવાય, કુદરતી ન્યાયના સિધ્ધાંતનું પાલન થાય, અરજદારએ પુરતી તક મળે તે હેતુસર કલમ -૩૨-ક(૧) માં વર્ણવેલા લેખો સ્ટેમ્પ ડયુટીના ન્યાયનિર્ણય અર્થે રજુ થાય ત્યારે ઉકત તા. ૨૫/૯/૨૦૦૬ ના પરિપત્રથી આપવામાં આવેલ વિગતવાર માર્ગદર્શન સુચનાઓ ધ્યાને લઈને તે મુજબની કાર્યવાહી અનુસરીને અધિનિયમની કલમ -૩૧ મુજબ પક્ષકારને યોગ્ય સ્ટેમ્પ ડયુટી અંગે અભિપ્રાય આપવાનો રહેશે આ અંગે વિશેષમાં સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાકન તંત્રને અધિનિયમની કલમ-૩૨ના કલેકટરશ્રી તરીકેના અધિકારો સુપ્રત થયેલ ન હોઈ કલમ-૩૧ હેઠળ રજુથયેલા લેખો સંબંધમાં માત્ર અભિપ્રાય આપવાનો રહેશે અને કલમ-૩૨ હેઠળનું પ્રમાણપત્ર આપી શકશે નહી, ઉકત સુચનાનો ચુસ્તપણે અમલ કરવા તમામ નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રને આથી જણાવવામાં આવે છે.

સદર પરિપત્ર મળ્યાની પહોંચ મોકલવા વિનંતી છે.

સહી/-
સુપ્રિ.ઓફ સ્ટેમ્પસ
અને
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી,
સ્ટેમ્પ ડયુટી મુલયાંકન તંત્ર
...................... (તમામ)

નકલ સવિનય રવાનાઃ– (૧) સંયુકત સચિવશ્રી, મહેસુલ વિભાગ હ.૧ શાખા સચિવાલય, ગાંધીનગર.
(૨) સરકારી વકીલશ્રી, સરકારી વકીલની કચેરી, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ

નકલ રવાનાઃ–
(૧) અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર.
(૨) નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૩) નાયબ નોંધણીસર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૪) આસી સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ,અમદાવાદ
(૫) મુખ્ય સ્ટેમ્પ નિરીક્ષકશ્રી મલત/ તપાસણી / નક્ષણ/
(૬) નોંધણી નિરીક્ષકશ્રી,................ (તમામ)
(૬) રહસ્ય સચિવશ્રી, મા. સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ ગુજરાત રાજય, ગાંધીનગર.
(૭) સબ રજીસ્ટ્રારશ્રી, .............(તમામ)
(૮) શાખાના વડા .............. (તમામ)

રવાના કર્યુ

નાયબ મદદ.સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય, ગાંધીનગર.